## અગ્રતા – ૧૮

**પ્રશ્ન–૧: માન.અધ્યક્ષશ્રી મારા ડભોઈ તાલુકા પંચાયતનું નવિન મકાન મંજુર કરવા માટે માન.મુખ્યમંત્રીશ્રીનો હું ખુબ ખુબ આભાર માનુ છું.**
**અને મારો પ્રશ્ન એ છે કે આ મકાનમાં સરકારશ્રી તરફથી નિયત થયેલ ટાઈપ ડિઝાઈન મુજબ શું શું સુવિધાઓ ઉપલબ્ધ થશે ?**

**જવાબ:–**

**માન.અધ્યક્ષશ્રી ..**

ડભોઈ તાલુકા પંચાયતના મકાનની ૨૮૬ લાખની વહીવટી મંજુરી તા.૦૮.૦૭.૨૨ના હુકમથી આપેલ છે. જેમાં સરકારશ્રી તરફથી ૨૪૦ લાખનું અનુદાન મંજુર કરવામાં આવેલ છે. હાલના તબક્કે આ તાલુકા પંચાયત કચેરીનું મકાન પુર્ણ થવાના તબક્કે છે. અને કામગીરી પ્રગતિ હેઠળ છે.

મને જણાવતા આનંદ થાય છે કે માન.ભુપેન્દ્રભાઈ પટેલની પારદર્શક તેમજ કાર્યક્ષમ સરકાર દ્વારા પંચાયત વિભાગના ૨૮.૦૩.૨૦૨૩ના ઠરાવની તારીખ બાદ મંજુર થયેલ નવીન તાલુકા પંચાયતના બાંધકામ માટે રૂ.૩.૧૦ કરોડની યુનિટ કોસ્ટ નક્કી કરવામાં આવેલ છે.

નવીન તાલુકા પંચાયત મકાનમાં નિયત ટાઈપ ડીઝાઈન મુજબ મુખ્ય બિલ્ડીં ગ્રાઉન્ડ ફ્લોર તથા એક માળનું હોય છે. સંપૂર્ણ બિલ્ડીંગનો બાંધકામ એરીયા ૧૨૨૫.૦૦ ચો.મી. હોય છે.

તાલુકા પંચાયતના નવિન મકાનમાં ઉકત ટાઇપ ડીઝાઇન તથા યુનિટ કોસ્ટમાં સુવિધાઓની વાત કરીએ તો..

(૧) મુખ્ય બિલ્ડીંગ

(૨) ઇલેકટ્રીફિકેશન

(૩) ઇન્ટરનલ સી.સી.રોડ

(૪) રેઇન વોટર હાર્વેસ્ટીંગ

(૫) ફાયર ફાઇટીંગ સિસ્ટમ

(૬) બોર, સમ્પ, સમ્પરૂમ

(૭) ગ્રાઉન્ડ લેવલીંગ

(૮) પાર્કિંગ શેડ

(૯) ફર્નિચર